સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૨૦-૨૧/પ્રવેશ પરીક્ષા ૨૦૨૦/૦૧/સ્ટડી તા. ૦૪/૧૧/૨૦૨૦

## UPSC CIVIL SERVICES EXAMINATION TRAINING PROGRAMME 2020-21
## બીજા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ અન્વયેની સૂચનાઓ (Advt. No. SPIPA/202021/1)

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૧ માટેના તાલીમ કાર્યક્રમ ૨૦૨૦-૨૧ માટે તા.૨૭-૧૦-૨૦૨૦ ના રોજ મેરીટ ક્રમ રીઝલ્ટ પ્રસિદ્ધ કરવામાં આવેલ. જેમાં તાલીમકેન્દ્ર દીઠ જણાવેલ સંખ્યાબળ ભરવા સારૂ સંસ્થા ખાતે તા.૨૮-૧૦-૨૦૨૦ અને તા.૨૯-૧૦-૨૦૨૦ ના રોજ ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને સેન્ટર એલોકેશનની કામગીરી માટે રજીસ્ટ્રેશન કેમ્પ રાખવામાં આવેલ. ત્યારબાદ સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે ભરવાની થતી કુલ ૫૦૦ સીટો પૈકી **ખાલી રહેલ બેઠકોની** વિગત નીચે મુજબ છે.

| તાલીમકેન્દ્રનું નામ | બિન-અનામત | બિન-અનામત –મહિલા | આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) | આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) મહિલા | અનુ-સૂચિત જાતિ (SC) | અનુ-સૂચિત જાતિ (SC) મહિલા | અનુ-સૂચિત જનજાતિ (ST) | અનુ-સૂચિત જનજાતિ (ST) મહિલા | સા.શૈ.પ. વર્ગો (SEBC) | સા.શૈ.પ. વર્ગો (SEBC) મહિલા | કુલ ખાલી બેઠકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SPIPA | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 4 | 0 | 0 | 0 | 4 |
| GCC | 0 | 3 | 0 | 1 | 0 | 0 | 16 | 0 | 0 | 0 | 20 |
| RTC-A'bad | 0 | 4 | 0 | 0 | 0 | 0 | 6 | 0 | 0 | 1 | 11 |
| RTC-Vadodara | 0 | 7 | 4 | 1 | 1 | 1 | 5 | 2 | 8 | 5 | 34 |
| RTC-Surat | 2 | 5 | 4 | 1 | 3 | 1 | 6 | 2 | 11 | 0 | 35 |
| RTC- Rajkot | 0 | 7 | 3 | 2 | 2 | 1 | 6 | 3 | 6 | 3 | 33 |
| Total | 2 | 26 | 11 | 5 | 6 | 3 | 43 | 7 | 25 | 9 | 137 |

૨. ઉક્ત પત્રકની વિગતે તાલીમકેન્દ્ર દીઠ ખાલી રહેલ જગ્યાઓ ભરવા સારૂ **તા.૦૬-૧૧-૨૦૨૦ ને શુક્રવાર અને તા.૦૭-૧૧-૨૦૨૦ ને શનિવારના રોજ** પ્રથમ તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ બાદ બાકી રહેલ તમામ ઉમેદવારો માટે ડોક્યુમેન્ટ વેરીફિકેશન, સેન્ટર એલોકેશન અને ડિપોઝીટ ભરવાની કામગીરી માટે બીજા તબક્કાનો રજીસ્ટ્રેશન

કેમ્પ રાખવામાં આવેલ છે. જે અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેના ઉમેદવારો જેઓ ઉક્ત ખાલી જગ્યા પર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેઓએ પોતાના મેરીટ નંબરને ધ્યાને લઇ, નિર્ધારિત સમય અને સ્થળે અચૂક હાજર રહેવું.

| તારીખ | હાજર થવાનો સમય | વિગત |
|---|---|---|
| ૦૬-૧૧-૨૦૨૦ (શુક્રવાર) | સવારે ૧૦.૦૦ કલાક થી | તા.૨૮-૧૦-૨૦૨૦,બુધવાર અને તા.૨૯-૧૦-૨૦૨૦,ગુરૂવારના રોજ રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહેલ ના હોય અને ઉક્ત તાલીમવર્ગમાં જોડાવા ઈચ્છુક હોય તેવા ઉમેદવારોએ જો તેઓ ઉક્ત પત્રકમાં દર્શાવેલ ઉપલબ્ધ ખાલી સીટો પૈકીની સીટ પર પ્રવેશ લેવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ પણ અચૂક હાજર રહેવુ. |
| | | **મેરીટ નંબર ૫૫૧ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતી જનરલ કેટેગરી (GEN) ની તમામ મહિલા ઉમેદવારો<br>**મેરીટ નંબર ૬૮૯ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતી અનુસૂચિત જાતિ (SC) ની તમામ મહિલા ઉમેદવારો<br>**મેરીટ નંબર ૮૩૫ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતી સા.શૈ.પ.વર્ગ (SEBC) ની તમામ મહિલા ઉમેદવારો<br>**મેરીટ નંબર ૮૭૧ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતી આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) ની તમામ મહિલા ઉમેદવારો<br>**મેરીટ નંબર ૧૦૫૭ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતી અનુસૂચિત જનજાતિ (ST) ની તમામ મહિલા ઉમેદવારો |
| ૦૭-૧૧-૨૦૨૦ (શનિવાર) | સવારે ૧૦.૦૦ કલાક થી | **મેરીટ નંબર ૫૫૧ થી ૧૧૬૧ સુધીમાં** સમાવિષ્ટ થતા તમામ કેટેગરીના તમામ પુરૂષ ઉમેદવારો |

ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ મેરિટ મુજબના ઉમેદવારોને રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવા માત્રથી તેમનો પ્રવેશ માટેનો હક્ક પ્રસ્થાપિત થતો નથી , સંબંધીત દિવસે અને સમયે ઉમેદવારોને તેમના સેન્ટર પ્રેફરન્સ મેરીટ નંબર, કેટેગરી અને જે તે સંબંધિત સેન્ટર પર જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઇ, રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે અગાઉ વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચના મુજબનાં અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત/સ્વયંપ્રમાણિત નકલો સહિત ઉમેદવારોએ હાજર થવાનું રહેશે. તેમજ સ્પીપા અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ મેળવ્યેથી નીચે જણાવ્યા મુજબની ડીપોઝીટ ફરજિયાત જમા કરાવવાની રહેશે.

| ક્રમ | તાલીમકેન્દ્રનું નામ | તાલીમ ડિપોઝીટ | લાયબ્રેરી ડિપોઝીટ | રીડીંગરૂમ ડીપોઝીટ | કુલ રકમ (રૂ!.) |
|---|---|---|---|---|---|
| ૧ | સ્પીપા, અમદાવાદ | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | ૩,૦૦૦/- | ૬,૨૦૦/- |
| ૨ | ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | | | | |
| ૩ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ | | | | |
| ૪ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | - | ૩,૨૦૦/- |
| ૫ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત | | | | |
| ૬ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ | | | | |

સંસ્થા તેમજ તેના તાબા હેઠળના તાલીમ કેન્દ્રો ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ડિપોઝીટ ભરવા અંગે નીચેની બાબતોને અચૂકપણે ધ્યાને લેવાની રહેશે:-

A. પ્રવેશ મેળવનાર ઉમેદવારોએ Debit Card/Credit Card/UPI (Barcode Scanning through) દ્વારા જ ઉપરની ડિપોઝીટની રકમ ભરવાની રહેશે. તે સિવાયના અન્ય કોઈ પણ માધ્યમથી ડિપોઝીટ સ્વીકારવામાં આવશે નહિ.

B. ડિપોઝીટ ભર્યા સિવાય કોઈપણ ઉમેદવારનો પ્રવેશ માન્ય ગણાશે નહિ. ડિપોઝીટ ભરેલ ઉમેદવારોનો પ્રવેશ જ આખરી ગણાશે.

C. આમ, ઉમેદવારોને સૂચન છે કે તેઓએ રજીસ્ટ્રેશન કેમ્પ સમયે મહત્તમ રૂ. ૬૨૦૦/- ડિપોઝીટ ભરી શકાય તે મુજબ Debit Card / Credit Card/UPI (Barcode Scanning through) થી ટ્રાન્સઝેક્શન થઈ શકે તેવી વ્યવસ્થા કરીને/ એટલે કે પોતાના સંબંધીત બેંક એકાઉન્ટનું બેલેંસ ચકાસીને આવવાનું રહેશે કે જેથી રજીસ્ટ્રેશન કેમ્પ વખતે ટ્રાન્ઝેકશન ફેઈલ થવાની શકયતા ના રહે અને તેઓને જે તાલીમકેન્દ્રની ફાળવણી થાય તેને ધ્યાને લઇ,તે મુજબ સંબંધિત તાલીમકેન્દ્ર ખાતે ભરવાની થતી રકમની ડિપોઝીટ ભરી શકાય.

સ્પીપા તથા તેના તાલીમકેન્દ્રો ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારોએ તાલીમવર્ગમાં હાજર થયેથી દિન-૫માં બાંહેધરી પત્ર તથા બોન્ડ ફરજિયાતપણે જમા કરાવવાના રહે છે.

વધુમાં, ગત વર્ષે કે અગાઉના વર્ષોમાં જો કોઈ ઉમેદવાર સંસ્થા કે તેના તાબા હેઠળના કોઈપણ તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ મેળવ્યો હોય તો તેઓએ ફરજિયાતપણે, “અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર”માં આ અંગેનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમ છતાં પણ જો કોઈ ઉમેદવારે સંસ્થા ખાતે તાલીમ માટે બીજીવાર પ્રવેશ મેળવેલ છે, તેવું ધ્યાને આવશે તો તે ઉમેદવારનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે અને તેઓની ડીપોઝીટ કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને રાખીને સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની સૂચનાઓનો અચૂકપણે અમલ કરવાનો રહેશે. તમામ ઉમેદવારોએ માસ્ક પહેરવાનું રહેશે. સંસ્થાના મેઈન ગેટ પર હાજર કર્મચારી દ્વારા થર્મલ સ્ક્રીનીંગ કર્યા બાદ ઉમેદવારોને ઉપર ટેબલમાં દર્શાવ્યા મુજબના સ્લોટવાઈઝ મેરિટ નંબર અનુસાર જ પ્રવેશ આપવામાં આવશે. રજીસ્ટ્રેશન કેમ્પની સમગ્ર પ્રક્રિયામાં માત્ર સંબધિત ઉમેદવાર અથવા તો તેના વાલી/પ્રતિનિધિએ જ આવવાનું રહેશે. તેમની સાથે આવેલ વાલીને અંદર કેમ્પમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. સદર સમગ્ર પ્રક્રિયામાં તમામ ઉમેદવારોએ પૂરતો સહયોગ આપવાનો રહેશે અને સંસ્થાના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા જે સૂચનાઓ આપવામાં આવે તેનું અચૂકપણે પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોની સર્વે સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવાની રહેશે.

**-:રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટેનું સ્થળ:-**

તા.૦૬ (શુક્રવાર) અને ૦૭(શનિવાર) નવેમ્બર ૨૦૨૦ (સવારે ૧૦.૦૦ કલાકથી)
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
સુંદરવન અને ઈસરોની સામે
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

-Sd/
સંયુક્ત નિયામક (સ્ટડી)
સ્પીપા, અમદાવાદ